ગુજરાતમિત્ર સ્થાપનાદિન વિશેષાંક @162

શનિવાર ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૫



# યુધ્ધ વચ્ચે શુદ્ધ પત્રકારિતાની રાહે ગુજરાતમિત્ર 163માં વર્ષમાં પ્રવેશ્યું

આજની સવાર થોડી વધારે ખુશનુમા, આશાસ્પદ, ઉર્જામય હશે. 13 સપ્ટેમ્બર 1863માં પણ આવી જ એક ખુશનુમા, આશાસ્પદ, ઉર્જામય સવાર થઈ હતી. કોઈકે હાથમાં 'સુરત મિત્ર' નામનું નવું શરૂ થયેલું અઠવાડિક ખરીદ્યું હશે, તેમાં અંગ્રેજી અને ગુજરાતીમાં છપાયેલા સમાચાર વાંચ્યા હશે. તે સમયે વિશ્વમાં અમેરિકામાં ગૃહયુદ્ધ ચાલી રહ્યું હતું, ઈંગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિ થઇ રહી હતી, હિન્દુસ્તાનમાં 1857ની ક્રાંતિ થઈ હતી અને રાણીનું શાસન હતું. આ મોટી લાગતી ઘટનાઓ આજે ઈતિહાસના પુસ્તકોમાં ક્યાંક સચવાયેલી છે. આ 163 વર્ષના સમય ગાળામાં ઘણું બધું બદલાયું હશે પણ આ સફરમાં એક 'મિત્ર' દોઢ સદી ઉપરાંતથી તમારી સાથે છે. તમારું ગુજરાતમિત્ર આજે 163માં વર્ષમાં મંગળપ્રવેશ કરી રહ્યું છે.

આ સમયે અનુભાવાઈ રહ્યું છે કે આ કારવાં આગળ વધતો જઈ રહ્યો છે, સાક્ષી ભાવે જોઈ રહ્યો છે દુનિયા, દેશ, રાજ્ય, અને શહેરોની તમામ ઘટનાઓને, પોતાના માર્ગથી ભટક્યા વગર જે દેખાય તે લખી રહ્યો છે. પ્રકાશ આપી રહ્યો છે જેથી વાચકો સાચો માર્ગ જોઈ શકે. કોઈ પણ તરફ નહીં ઢળવાની આ રૂઢિ અમારા અખબાર અને વાચકોને ટટ્ટાર રાખે છે. જેનો આનંદ અને અભિમાન બંને છે. આ નવા વર્ષમાં પ્રવેશની સાથે વધુ એક વર્ષનો અનુભવ, પત્રકારત્વની જવાબદારી, પાછલા વર્ષોમાં બનેલી ઘટનાઓ, વાચકોના વિચાર, લેખ, કર્મચારીઓનો પરિશ્રમ આ બધુ જ ગુજરાતમિત્રની સાથે જોડાયા છે. આની સાથે વધુ એક યુદ્ધ પણ જોડાયું.

આજના વિશ્વને મોટા સ્કોપમાં જોઈએ તો શું દેખાશે? સમય પોતાનું પુનરાવર્તન કરી રહ્યો હોય તેમ નથી લાગતું? આજે ગૃહ યુદ્ધ ચાલી રહ્યુ છે પણ અમેરિકામાં નહીં કોઈ બીજા દેશમાં. ઔદ્યોગીકની જગ્યા AIની ક્રાંતિએ લીધી છે. મોટાભાગનાં દેશોમાં લોકશાહી છે પણ જે માટે સંઘર્ષ કર્યો હતો તે સવાલોનાં જવાબ હજી મળ્યા ખરા? આવા અનેક સવાલોની સામે જવાબ છે ભૂતકાળમાં બનેલી ઘટનાઓ. પાછલા વર્ષમાં શું બન્યું તે ઘટનાઓની યાદી અને આલેખન જ તો છે અખબાર. આ બધી ઘટનાઓમાંથી જેની હાલ લોકોને સંભાવના દેખાઈ રહી છે તે યુદ્ધ હંમેશા રહ્યું છે.

આદિમાનવ જ્યારે ગુફામાંથી બહાર નીકળ્યો હશે તેણે પહેલા યુદ્ધ જ કર્યું હશે. આ યુદ્ધમાંથી જ વિષ મળ્યું, અમૃત મળ્યું, ગીતા યુદ્ધમાંથી જ મળી, યુદ્ધે સમજાવ્યું આપણા હક્કનું મહત્વ, તે મેળવવા માણસ કઈ હદ સુધી જઈ શકે છે તેના કિસ્સાઓ પણ આપ્યા, યુદ્ધે અશોકને જન્મ આપ્યો, ને હિટલરને પણ, યુદ્ધે બચાવ્યા યહૂદીઓને, યુદ્ધે જ હિટલરને માર્યો, જાપાનમાં વિનાશ વેર્યો. આ સતત યુદ્ધની સંભાવનાનાં સમયમાં ગુજરાતમિત્ર તો અત્યાર સુધી બનેલા સૌથી વિનાશકારી બંને વિશ્વયુદ્ધોનું પણ સાક્ષી રહ્યું છે, અમારા પાનાંઓએ બે વિશ્વયુદ્ધોના ગોળીબાર સાંભળ્યા છે, સત્તાઓ, તાનાશાહોનાં ઉદય અને પતન જોયા. વિજેતા તથા પરાજિત બંનેની વાતો વાંચકો સુધી પહોંચાડી છે.

અને આ સમાચાર માત્ર કાગળ પરનાં અક્ષર નથી, પરંતુ સમયનો દસ્તોવેજ છે. આ યુદ્ધો અને તેની સાથે આવતી આર્થિક મંદીઓ, રાજકીય પરિવર્તનો અને વિજ્ઞાનની નવી શોધો, નવા નકશાઓ- આ બધું જ અમારા પાનાંઓ પર જીવંત છે.


આ અનુભવે આવા યુદ્ધનાં સમયમાં તટસ્થ, સ્પષ્ટ, સાચા સમાચાર આપવા કેટલા જરૂરી છે તે સમજ ગુજરાતમિત્રને આપી છે. તમે બંને વિશ્વયુદ્ધ, દેશની આઝાદીની લડાઈ, તે પછી થયેલા ભારત પાકિસ્તાનના યુદ્ધો, ભારત- ચીન, વિયેતનામ વૉર, ગલ્ફ વૉરથી લઈ હાલ ચાલી રહેલા રશિયા-યુક્રેન, ઈઝરાયલ-પેલેસ્ટાઈન, કે પછી સુદાન, સીરિયા, મ્યાનમાર, બાંગ્લાદેશ, નેપાળના ગૃહયુદ્ધોની ખબર તમે ગુજરાતમિત્રના અહેવાલોમાં જોશો. આ સતત ચાલતા યુદ્ધો આજે પણ કેટલા સાંપ્રત લાગે છે!

આ અનુભવ આપણા દેશવાસીઓ માટે ખુબ તાજો છે. 2025નાં મે મહિનામાં જ્યારે પાકિસ્તાની નાપાક હરકતોનો જડબાતોડ જવાબ આપણાં દેશના સૈનિકોએ ફરી વાર આપ્યો. ઘણા જુવાન વાચકોને પહેલીવાર યુદ્ધની પરિસ્થિતીનો અહેસાસ થયો હશે જ્યારે બ્લેકઆઉટ થયું, સાયરન સંભળાયા, મોકડ્રિલ કરાઈ, હુમલો થયો. તેમનાં ફોન અને ટીવીમાં આવતા ટ્રેન્ડિંગ સમાચારની નોટીફિકેશન વચ્ચે પણ ગુજરાતમિત્રએ તટસ્થતા, સ્પષ્ટતા, સાચા સમાચાર આપવાનો નિયમ પાળ્યો છે.

આ નિયમ બીજા વિશ્વયુદ્ધ સમયે પણ પાળવામાં આવ્યો હતો. 1945માં માહિતી દોષથી દૂર રહી, વૈજ્ઞાનિક અભિગમ સાથે, સાચી માહિતી, વિવિધ પાસાઓ સાથે સમયસર પહોંચાડી- એ પણ ફોટો સાથે. આ બધા શબ્દ 1945ના કોઈ અખબાર માટે ખૂબ મહત્વના છે. ત્યારે વાઈફાઈ નહીં પણ તાર હતા, છાપકામનાં અને સંદેશા-વ્યવહારનાં સાધનો સીમિત હતા, અંગ્રેજોની સેન્સરશીપ તો ખરી જ. આ 1945થી 2025 વચ્ચેના સમયગાળામાં યુદ્ધ અને પત્રકારિતામાં ઘણા બદલાવ આવ્યા. પહેલા વિશ્વયુધ્ધમાં તો બ્રિટનનાં આ ર્મી અધિકારીએ પત્રકારોને આવવાની જ છૂટ ન હતી આપી! બીજા વિશ્વયુદ્ધમાં રેડિયોની બોલબાલા હતી, પછીનાં યુદ્ધો તો ટીવી પર લાઈવ દેખાડાયા! અને હવે સોશ્યલ મીડિયા. આ માહિતીના માધ્યમો બદલાયા છતાં આ આખા સમયગાળા દરમ્યાન જો કોઈ એક માહિતી માધ્યમ પહેલાથી હાલ સુધી અવિરત રહ્યું હોય તો તે છે 'પ્રિન્ટ' એટલે કે અખબાર અને તેમાંય આપણું ગુજરાતમિત્ર તો આ સમગ્ર કાળનું પોતે જ સાક્ષી રહ્યું છે. વધતા સાધનો અને સુવિધાઓ વચ્ચે સાથે અત્યારે જે પરિસ્થિઓનું નિર્માણ થયું છે તે પણ પત્રકારત્વ માટે પડકારજનક તો છે જ. અત્યારે સવાલ થાય છે કે 163 વર્ષ પછી AI ક્યાં સ્વરૂપમાં હશે? કે 163 વર્ષ પછી કોઈ ટીવી જોતું હશે? કોઈ માધ્યમ કે સાધન સામે આ સવાલ નથી આ પ્રશ્ન છે એ તમામ લોકો માટે જેઓ પ્રિન્ટમિડીયાનાં અસ્તિત્વ પર શંકા કરે છે. એમ તો ગુજરાતમિત્ર પણ સમયની સાથે બદલાતી ટેક્નોલોજીને અપનાવતું રહ્યું છે. પ્રિન્ટિંગ પ્રેસથી લઈને ડિજિટલ યુગ સુધી હંમેશાં નવા સાધનો અપનાવ્યા છે. નવા ડિજીટલ સંચાર માધ્યમોને અપનાવાવું તે એક વાત છે, સોશિયલ મિડિયામાં પણ એક પ્રચાર-પ્રસારના માધ્યમ તરીકે પ્રભુત્વ સાથે હાજર હોવું એ પણ અન્ય વાત છે, પણ 'ગુજરાતમિત્ર' એ તો આ બધા સાથે તેના મૂળ પ્રિન્ટ મિડીયા-અખબારને પણ આજના જમાના પ્રમાણે વધુ ઈન્ટરેક્ટિવ, વધુ વાચકભોગ્ય, વધુ સાંપ્રત બનાવવા માટે ડિજીટલ સાધનો અપનાવાની વર્ષોથી પહેલ કરતું આવ્યું છે. ગુજરાતમિત્રમાં છપાતાં સમાચારો કે અહેવાલોને લગતાં વિડિયો કે તેની તસ્વીરો છપાયેલા સમાચાર સાથે વાચકોને જોવા મળે તે માટે QR કોડ લીન્કને અહેવાલ સાથે પ્રસિધ્ધ કરવાનું શરૂ કર્યું, અને આ આજકાલથી નહીં વર્ષો પૂર્વેથી. આજથી આઠેક વર્ષપહેલા 11મી જુન 2017ના અંકમાં 'ગુજરાતમિત્ર'એ સૌ પ્રથમવાર અહેવાલ સાથે QR કોડ પ્રસિધ્ધ કર્યો હતો. જેથી વાચકોને અહેવાલ સાથે તેના ઓડિયો વિઝયુઅલ્સ અહેવાલ વાંચતી વખતે જ મળી રહે. આ સીલસીલો હજુ આજે પણ અવિરત રીતે ચાલુ જ છે. આ પાછળનું કારણ એ જ કે સાચી માહિતી વાચકો સુધી પહોંચાડવી.

આજનો આ સ્થાપનાપૂર્તિ વિશેષાંક ગુજરાતમિત્રે જોયેલા યુધ્ધ પર છે. જે આજની પરિસ્થિતીને સમજવામાં મદદ કરશે. ઈતિહાસની થોડી વધારે નજીક લઈ જશે. જે જણાવશે કે હવે યુદ્ધ ખાલી જમીનના ટુકડા માટે કે કોઈને ગુલામ બનાવવા નથી લડાતું. હવે નથી લડતા કોઈ સૈનિકો, સામસામે ટેન્કના ગોળાની જગ્યા ડ્રોનએ લીધી છે. વધુ એક વખત સાબિત થયું કે શાંતિપ્રિય ભારત ધારે તો સિંદૂરથી વિજય મેળવી શકે છે. ''એવું કોઈ યુદ્ધ નથી જે તમામ યુદ્ધોને સમાપ્ત કરી દે''. ♦





ગુજરાતમિત્ર

દુનિયામાં આટલું બધું અનિષ્ટ છે : કારણ શું?



બીજા વિશ્વયુદ્ધનો અંત ::: શરણે થએલું જાપાન

**ગુજરાતમિત્રએ તટસ્થતા, સ્પષ્ટતા, સાચા સમાચાર આપવાનો નિયમ પાળ્યો છે. આ નિયમ બીજા વિશ્વયુદ્ધ સમયે પણ પાળવામાં આવ્યો હતો. 1945માં માહિતી દોષથી દૂર રહી, વૈજ્ઞાનિક અભિગમ સાથે, સાચી માહિતી, વિવિધ પાસાઓ સાથે સમયસર પહોંચાડી- એ પણ ફોટો સાથે.**



ગુજરાતમિત્ર

જ રાતમાં 5 ઈંચ વરસાદથી સુરત પાણી-પાણી



સુરતના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાયા

**આજથી આઠેક વર્ષપહેલા 11મી જુન 2017ના અંકમાં 'ગુજરાતમિત્ર'એ સૌ પ્રથમવાર અહેવાલ સાથે QR કોડ પ્રસિધ્ધ કર્યો હતો. જેથી વાચકોને અહેવાલ સાથે તેના ઓડિયો વિઝયુઅલ્સ અહેવાલ વાંચતી વખતે જ મળી રહે.**